# રંગારંગ કાર્યક્રમ સાથે રિયો ઓલિમ્પિક્સનો આરંભ







## શાનદાર રંગારંગ કાર્યક્રમમાં બ્રાઝિલના કલાકારોએ મ્યુઝિક, થ્રીડી ઈમેજીંગ અને લેઝર ટેકનિકનો ઉપયોગ કર્યો : ગ્લોબલ વોર્મિંગનો સંદેશો પહોંચાડાયો

રિયોડિ જેનેરિયો, તા. ૬

દુનિયાભરમાં લોકપ્રિય સાંબા ડાન્સની સાથે બ્રાઝિલમાં આજે રિયો ઓલિમ્પિક રમતોત્સવની રોમાંચક, દિલધડક અને રંગારંગ કાર્યક્રમ વચ્ચે શરૂઆત થઈ હતી. આજે સવારે ચાર વાગે બ્રાઝિલમાં રીયોડી જેનેરીયોના મારાકાના સ્ટેડિયમમાં આની રંગારંગ શરૂઆત થઈ હતી. સમારોહમાં ૬૦૦૦થી વધારે વોલીન્ટીયર્સ જોડાયા હતા. ભવ્ય સમારોહમાં બ્રાઝિલના કલાકારોએ મ્યુઝિક, થ્રીડી ઈમેજીંગ, લેઝર ટેકનીકનો ઉપયોગ કરીને રંગારંગ કાર્યક્રમ રજુ કર્યા હતા અને તમામને રોમાંચિક કરી દીધા હતા. રિયો ઓલિમ્પિક માર્ચ પાસ્ટમાં ગ્રીસે પહેલા એન્ટ્રી કરી હતી. સેરેમનીમાં ૯૫ નંબર પર ભારતીય ટીમ ઉતરી હતી.

બ્રાઝિલના શાનદાર પ્રયાસોના લીધે આજે વધુ એક ઈતિહાસ જોડાઈ ગયો હતો. આનાથી ઓલિમ્પિક પહેલાના સંકેટને દુર કરવાના પ્રયાસો કરાયા હતા. ઝીકા વાયરસને લઈને દહેશત દુર કરાઈ હતી. બ્રાઝિલની ભવ્ય સંસ્કૃતિના દર્શન પણ ઓપનિંગ સેરેમનીમાં જોવા મળ્યા હતા. બ્રાઝિલની ભવ્ય અને સમૃદ્ધ ઈતિહાસની ઝલક પણ જોવા મળી હતી. રંગારંગ કાર્યક્રમ વચ્ચે દુનિયાની સામે સૌથી મોટા સંકટ તરીકે ઉભરી રહેલા ગ્લોબલ વોર્મિંગને લઈને પણ સંદેશ આપવામાં આવ્યો હતો. બ્રાઝિલના આયોજકોએ ફુટબોલ પ્રત્યે તેમના ક્રેઝને બાજુએ રજૂ કરીને આશરે ચાર કલાક સુધી ચાલેવા ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં જળવાયુ પરિવર્તન અને કુદરતી સંશાધનોની અછતને મુખ્ય મુદ્દા તરીકે રજૂ કરીને તમામને રોમાંચિત કરી દીધા હતા. આજે શરૂઆત થયા બાદ હવે ૧૭ દિવસ સુધી ચાલનાર મહાકુંભની શરૂઆત થઈ હતી. બ્રાઝિલના કાર્યકારી પ્રમુખ માઈકલ ટેમર દ્વારા સંયુક્ત રાષ્ટ્રના પ્રમુખ બાનની કી મુનની હાજરીમાં સાઉથ અમેરિકામાં પ્રથમ વખત યોજાઈ રહેલા ઓલિમ્પિકની શરૂઆતની વિધીવત જાહેરાત કરતા લોકો ઝુમી ઉઠ્યા હતા. ઓપનિંગ સેરેમની યોજાયા બાદ ૨૧મી ઓગસ્ટના દિવસે સમાપન થશે. તમામ દેશો રિયોમાં શાનદાર દેખાવ કરવા માટે છેલ્લા મહિનાઓથી તૈયારીઓમાં વ્યસ્ત હતા. હવે તેમની કુશળતા સાબિત કરવાનો સમય આવી ગયો છે.

બ્રાઝિલના શહેર રિયો ડી જેનોરોમાં ૫મી ઓગસ્ટથી ૨૧મી ઓગસ્ટ દરમિયાન આનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જુદી જુદી રમતોમાં રેકોર્ડ સંખ્યામાં દેશો આમા ભાગ લઈ રહ્યા છે. ૧૧૨૩૯થી વધુ એથ્લિટો ૨૦૭ નેશનલ ઓલિમ્પિક કમિટિમાંથી ભાગ લઈ રહ્યા છે જેમાં એવા દેશોના એથ્લિટો પણ સામેલ છે જે પ્રથમ વખત ઓલિમ્પિકમાં રમ્યા હતા.

## અભિનવ બિંદ્રાએ ભારતીય ટીમનું નેતૃત્વ કર્યું

રંગારંગ કાર્યક્રમની સાથે ખેલોના મહાકુંભ ઓલિમ્પિકની આજે પરંપરાગત રીતે શરૂઆત થઈ ગઈ હતી. સવારે ચાર વાગે આની શરૂઆત કરવામાં આવી હતી. ભારતનું નેતૃત્વ ફરી એકવાર ગોલ્ડમેડલ વિજેતા અભિનવ બિંદ્રા દ્વારા કરવામાં આવ્યું હતું. ૨૦૦૮માં બેજિંગ ઓલિમ્પિકમાં સુવર્ણ ચંદ્રક જીતનાર અભિનવ બિંદ્રાએ રાષ્ટ્રધ્વજની સાથે ભારતીય ટીમનું નેતૃત્વ કર્યું હતું. ૧૧૯ ખેલાડીઓની સાથે ભારતીય ટીમ મેદાનમાં ઉતરી હતી.



## રાજ્ય સરકારો ગૌરક્ષા સંદર્ભમાં ડોઝીયર તૈયાર કરે : મોદી

નવી દિલ્હી, તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગૌરક્ષાના ઠેકેદારો ઉપર આક્રમક પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે કેટલાક લોકો દુકાન ખોલીને બેઠેલા છે અને નુકસાન પહોંચાડી રહ્યા છે. સમગ્ર ગુજરાતને હચમચાવી મુકનાર ઉના દલિત કાંડ મુદ્દે હજુ સુધી મૌન રહેલા મોદીએ પોતાના તમામ વિરોધીઓની પણ પરોક્ષ રીતે નામ લીધા વગર જોરદાર ઝાટકણી કાઢી હતી. દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમમાં ટાઉનહોલમાં લોકો સાથે સીધી વાત કરી હતી અને તેમના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. મોદીએ ગૌરક્ષાને લઈને મોટુ નિવેદન કર્યું હતું. રાજ્ય સરકારોને ગૌરક્ષાના દાવા કરનાર લોકોના સંદર્ભમાં ડોઝીયર તૈયાર કરવા અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે રાત્રે અપરાધ કરનાર લોકો સવારે ગૌરક્ષક બની જાય છે. તેમણે કહ્યું હતું કે ૭૦ થી ૮૦ ટકા ગૌરક્ષક ગોરખધંધા કરનાર છે અને કહ્યું હતું કે ગૌરક્ષાની આડમાં ગોરખધંધા કરનાર લોકોની એક યાદી તૈયાર કરવામાં આવનાર છે. પોતાના અસામાજિક કાર્યોને છુપાવવા માટે લોકો ગૌરક્ષકનો ઢોંગ કરતા ફરે છે. મોદીએ વિવિધ મુદ્દા પર વિસ્તારપૂર્વક વાત કરી હતી. જેમાં ગુડ ગવર્નન્સના મુદ્દા પર વાત કરી હતી. વિકાસ, ગુડ ગવર્નન્સ, અર્થ વ્યવસ્થા, આરોગ્ય સુવિધાના મુદ્દા પર વાત કરી હતી. મોદીએ તમામ લોકોના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. મોદીએ પીએમઓ એપની શરૂઆત પણ કરી હતી. મોદીએ કહ્યું હતું કે ગાયોના મોત માટે કતલખાના કરતા પ્લાસ્ટિક વધારે જવાબદાર છે. મોદીએ નવી દિલ્હી ખાતે પ્રથમ વખત ટાઉન હોલ કરીને સામાન્ય લોકોના પ્રશ્નોના જવાબ આપ્યા હતા.ટાઉન હોલની શરૂઆત પહેલા મોદીએ પીએમઓ એપ્લિકેશન લોંચ કરી હતી. આ ઉપરાંત એપ બનાવનાર છ યુવા પ્રતિભાઓનું સન્માન કર્યું હતું. મોદી મન કી બાતમાં સારા મંતવ્યો આપનાર લોકોને પણ મળ્યા હતા. મોદીએ કહ્યું હતું કે, ગૌરક્ષાએ લૌકને અપીલ કરવી જોઈએ કે, તેમણે રોડ પર પ્લાસ્ટિક ન ફેંકવું જોઈે, જેથી ગાયો તેને પોતાનો ભોજન ન બનાવે. આમ કરવું જ એ સાચી ગૌસેવા હશે. ટાઉન હોલમાં પીએમ મોદીને ત્યાં હાજર તથા ભારતમાં રહેતા લોકો ઉપરાંત મૂળ ભારતીયોએ વિદેશથી વિવિધ મુદ્દે પ્રશ્નો પુછ્યા હતા જેના તેમના દ્વારા સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા.

## દયાશંકરસિંહને જામીન

વારાણસી, તા.૬

બહુજન સમાજ પાર્ટીના નેતા માયાવતીને લઈને વાંધાજનક સૂચનો કરનાર વિવાદાસ્પદ નેતા દયાશંકરસિંહને મઉની અદાલત દ્વારા આજે જામીન આપી દેવામાં આવ્યા હતા. એડીજેની કોર્ટ દ્વારા તેમને જામીન આપી દેવામાં આવ્યા હતા. ૫૦-૫૦ હજાર રૂપિયાના બે બોન્ડ ઉપર તેમને જામીન આપવામાં આવ્યા છે સાથે સાથે કેટલીક શરતો પણ લાગુ કરવામાં આવી છે. ૨૯મી જુલાઈના દિવસે લખનૌ પોલીસ અને એસટીએફ દ્વારા બકસરમાં દયાશંકરની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ મઉના સીજેએમની કોર્ટમાં તેમને રજુ કરવામાં આવ્યા હતા અને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં રિમાન્ડ પર મોકલવાનો આદેશ કરાયો હતો. ૨૦મી જુલાઈના દિવસે લખનૌમાં હજરતગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆરના સંબંધમાં તેઓ વોન્ટેડ હતા.

## દેશના ૭૬ ટકા પ્રધાનો કરોડપતિ હોવાનો પણ દાવો

### ૩૪ ટકા પ્રધાનો પર અપરાધિક કેસ છે : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૬

રાજનિતીમાં પૈસા અને અપરાધની વાત કરવામાં આવે તો જુદા જુદા પ્રદેશોના આશરે ૩૪ ટકા પ્રધાનો પર અપરાધિક કેસ ચાલી રહ્યા છે. જ્યારે ૭૬ ટકા પ્રધાનો કરોડપતિ રહેલા છે. એક નવા અભ્યાસની વાતને ધ્યાનમાં લેવામાં આવે તો ભારતમાં પ્રધાનોની સરેરાશ સંપત્તિ ૮.૫૯ કરોડ રૂપિયા છે. ૨૯ પ્રદેશ વિધાનસભા અને બે કેન્દ્ર શાસિત પ્રદેશોના ૬૨૦ પ્રધાનોમાંથી ૬૦૯ પ્રધાનો દ્વારા જમા કરવામાં આવેલા ઘોષણાપત્રના આધાર પર એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મે કહ્યુ છે કે કેટલીક બાબત નિરાશાજનક દેખાઈ રહી છે. ૪૯૬ કરોડની સંપત્તિની સાથે તેલુગુ દેશમ પાર્ટીના પૌંગુરૂ નારાયણ સૌથી અમીર પ્રધાન તરીકે છે. બીજા નંબર પર ૨૫૧ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે કોંગ્રેસના કેડી શિવકુમાર છે. જે ૬૦૯ પ્રધાનોની ઘોષણાપત્રને જોવામાં આવ્યા બાદ કેટલીક નવી વિગતો સપાટી પર આવી છે. આ પ્રધાનો પૈકી ૨૧૦ પ્રધાનો એવા છે જેમની સામે અપરાધિકમામલા ચાલી રહ્યા છે. કેન્દ્રના ૭૮ પ્રધાનો પૈકી ૨૪ની સામે અપરાધિક કેસ ચાલી રહ્યા છે. રાજ્ય વિધાનસભાઓમાં ૧૧૩ પ્રધાનો એવા છે જેમની સામે અપરાધિક કેસ ચાલી રહ્યા છે. તેમની સામે હત્યા, અપહરણ, હત્યાના પ્રયાસો જેવા કેસ રહેલાછે. કેન્દ્રના જે ૭૮ પ્રધાનો દ્વારા માહિતી આપવામાં આવી છે જે પૈકી ૧૪ પ્રધાનોએ તેમની સામે ગંભીર આરોપો હોવાની વાત કબુલ કરી છે. બીજી બાજુ કરોડપતિના મામલે પણ ચિત્ર ચર્ચાસ્પદ રહેલુ છે. જે પ્રધાનોની સામે ગંભીર અપરાધ રહેલા છે તેમાં નવ પ્રધાનો ઝારખંડના, ચાર પ્રધાનો દિલ્હીના રહેલા છે. નવ તેલંગાણાના આવા પ્રધાનો રહેલા છે. નવા આંકડા સપાટી પર આવ્યા બાદ તેની ભારે ચર્ચા જોવા મળી રહી છે.

## મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

વાર્તાશિબિર બે દિવસની, પ્રથમ દિવસે સવારે ઉદઘાટન, દિપ પ્રાગટ્ય, પ્રાર્થના, આવકાર, પ્રાસંગિક... વગેરે થયેલું. વાર્તાની શૈલીને નર્તન સાથે જોડીને શીખવવાનો એક નવો આયામ સૌને આપ્યો હું તો ચકિત જ રહી ગયો, આજ સુધીમાં શિબિરાર્થી તરીકે, સંચાલક તરીકે અને માર્ગદર્શક તરીકે પણ મે ઘણી શિબિરો કરી પણ આ શિબિર કંઈક 'હટકે' બનશે એવી તો કલ્પના પણ નહોતી. એબ્સર્ડ નાટકના મૌલિક થીમ જેવી આ શિબિર હતી. કદાચ મધુ રાયમાં એમના વખતનું ''આકંઠ સાબરમતી'' જાગી ગયું હતું.

દશરથ એની પસંદ થયેલા વાર્તા વાંચીને પોતાના સ્થાને બેઠો.

સૌની નજર મધુ રાય સામે સ્થિર થઈ. ''આ સાવ ઘટિયા વાર્તા છે, આમાં વાર્તાનું કોઈ લક્ષણ જ નથી, ભાષાના કોઈ ઠેકાણા નથી, એ જ બધું જુનું, ચવાયેલું, ચૂંથાયેલું છે, આવી વાર્તાઓ લખવી એના કરતા તો ના લખવું વધારે સારું !'' વગેરે વગેરે

મધુ રાયે એક જ ઝાટકે રામના વગર વનવાસે દશરથને મૃતપાય અવસ્થામાં મૂકી દીધો.

સૌ શિબિરાર્થીઓ અંદરથી ગભરાઈ ગયા, ડરી ગયા, હવે શું કરવું ? પહેલી જ વાર્તાનું તલવારના ઝાટકે થયેલું વિવેચન આવું હોય તો આપણી તો... ' ત્યાર પછી 'રામ મોરી' અને 'ધર્મેન્દ્ર ત્રિવેદી'એ પોતાની વાર્તાઓ વાંચવાની હિંમત કરી – બહું કડક આલોચના ના થઈ. સૌને થોડી રાહત થઈ. નિમિષા દલાલ, ભરત પાઠક, નીતા જોશી, પ્રભાબેન, નિરંજન દેસાઈ, ઉમેશ દુગ્ગલ, રાધિકા ખેની...વગેરેએ ડરતા ડરતા પોતપોતાની વાર્તાઓ રજુ કરી.- 'બરાબર નથી, નવું કશું જ નથી, એ જ વિશેષણો, એ જ વર્ણનો છે... થી વધારે કશું સાંભળવા ના મળ્યું. સૌનો જીવ હેઠો બેઠો.

મધુ રાયે બધાને પ્રેમથી કહ્યું – '' હું તમને ચીલાચાલું વાર્તાકાર તરીકે જોવા નથી માંગતો, કંઈક નવું લાવો, જે નથી તે લાવો. અને 'પહેલા લખતા નહીં - ન લખતા શીખો. '' શું લખવું એના કરતા શું ના લખવું'' એ સમજવું જરૂરી છે. સૌ શિબિરાર્થીઓના મનમાં મધુ રાય પોતાનું સ્થાન બનાવી રહ્યા હતા. સૌને થયું કે વાત તો સાચી છે, આજ સુધી આપણને તો બધા લેખકો ' આમ લખો. આવું લખો, ' એવું જ શીખડાવતા રહ્યા છે ' શું ના લખવું' એ વાત તો આજે જ શીખવા મળી. સૌની અંદર રહેલા સર્જકમાં નવી ચેતના ધીમે ધીમે જાગૃત થઈ રહી હતી.

પહેલે જ દિવસે રાઘવજી માધડનું વક્તવ્ય પ્રેરણાદાયી રહેલું, સાંજે મેં સૌને વિષય આપ્યો '' કલ્પવૃક્ષ '' જેની ઉપર નાની વાર્તા લખીને બીજે દિવસે લાવવાની સૌને સૂચના અપાઈ અને રાતે વિતી ગયેલા સમયની ત્રણ શ્રેષ્ઠ વાર્તાઓ વાંચીને સૌ છૂટ્ટા પડ્યા.

ગ્રામભારતીના એક હોલમાં એક લાઈનમાં પલંગો બિછાવેલા હતા. અહી સૌ ભાઈઓની વ્યવસ્થા હતી. અને બહેનોની અમારી બિલ્ડીંગમાં. કડકડતી ઠંડીમાં સૌ ધ્રૂજતા હાથે પેનને કાગળ પર દોડાવી રહ્યા હતા.

સવારે 'ધર્મેન્દ્ર ત્રિવેદી'એ લીંબડા નીચે બેઠેલા રઘલાની સંવેદના, રામ મોરીએ રોબોર્ટની વ્યથા, જીનલ અને પાયલ શાહે આજની યુવા પેઢીની સમસ્યાને તથા સૌ નવોદિતોએ પોતપોતાની કલ્પનાને 'કલ્પવૃક્ષ' ના સંદર્ભે રજુ કરી.

એમાંથી ત્રણ-ચાર વાર્તાઓ સાંભળી મધુ રાય બોલી ઉઠ?યા 'બસ મારે આ જોઈએ છે ' અને ત્યાં જ' સૌ ઉભા થઈ જાવ ' મધુ રાયનો અવાજ ગૂંજી ઉઠયો?

● સામસામે લાઈનમાં આવી જાવ. હાથ પહોળા કરી ઉભા રહો. એક બીજાને વર્ષોથી ઓળખો છો એ રીતે વાતો કરો.

● ધર્મેન્દ્ર, નીતા બેન અહીં આવો, ધર્મેન્દ્રનો પુત્ર અને તમારી પુત્રી કૉલેજમાં સાથે ભણે છે એકબીજાને પસંદ કરે છે અને ધર્મેન્દ્રભાઈ દીકરાની વાત લઈને તમારી પાસે આવે છે પણ તમને તેમના દીકરા પ્રત્યે થોડો અણગમો છે ' ચાલો આ સંદર્ભની વાતચીત શરું કરો.

● જીનલ અહીં આવ, તું

આભાર - નિહારીકા રવિયા કૉલેજમાં છે ધર્મેન્દ્ર તારી સાથે ભણતો યુવાન છે એ તને પ્રેમની પ્રપોઝ કરે છે અને તું ના કહે છે. વાત શરું કરો.

● જીનલ, આ જાણીતા વાર્તાકાર રજનીકુમાર પંડ્યા છે ચાલ એમનું ઈન્ટરવ્યું લે.

● કનૈયાલાલ તમે પણ રજનીકુમારનું ઈન્ટરવ્યું લો અને પ્રશ્નો પૂછો

મે પ્રશ્નો પૂછ્યા

૧. આપની સર્જન પ્રકિયા પાછળ પ્રેરણા કોની છે ?

૨. કહેવાય છે કે દરેક પુરુષની સફળતા પાછળ કોઈ સ્ત્રીનો હાથ હોય છે, તો આપ સફળ સર્જક છો આપની

સફળતા પાછળ...

આમ આ બધી આંગિક, વાચિક અભિનય દ્વારા પ્રસ્તુત થયેલી નાની-મોટી ઘટનાઓ માંથી પ્રગટતું વાર્તાનું સમગ્ર સ્વરૂપ, વાર્તાના કથાનકની બાંધણી અને પ્રયુક્તિની જુદી જુદી શૈલીઓ શીખવાનો મારા સહિત દરેક નવોદિત વાર્તાકારોના જીવનનો એક યાદગાર લ્હાવો રહ્યો

બીજે દિવસે ડૉ. બિન્દુબેન ભટ્ટે પણ ટૂંકીવાર્તામાં નારી સંવેદના અંગે વાતો કરીને સૌના મન જીતી લીધા હતા તો વળી રજનીકુમાર પંડ્યાની કેફિયત પણ સૌને ગમી ગયેલી.

જેમ ધોબીઘાટમાં ધોબી મેલા થયેલા ચલાખાને ક્રુરતાથી ધૂએ તેમ મધુ રાયે એકાદ-બે નવોદિતોને ધોયા પણ ખરા અને સ્નેહથી સૌને સુગંધિત પણ કર્યા. તેમની શિસ્તબદ્ધતા, સૂઝ અને સ્નેહ એમના આર્મીપણા ઉપર છવાઈ ગયા હોવાથી સૌ શિબિરાર્થીઓ ખુશ હતા

મધુ રાયના ખભે હાથ રાખીને ફોટા પડાવવાનો લ્હાવો મારા સહિત સૌએ લીધો જે ફોટાઓએ ત્યાર પછી થોડા દિવસો ફેસબૂક ઉપર ધૂમ મચાવી હતી. ગ્રામભારતી સંસ્થાના ખેતરોમાં ફરતા ફરતા સૌ સર્જકો ધરતીની સુવાસ શ્વાસમાં ભરીને પોતાના ઘર સુધી લઈ ગયા હતા તો વળી આ બધી વાર્તાતત્વને પામવા માટેની ફેરફૂદરડીને 'મમતા'ના તંત્રીશ્રી અરૂણભાઈ ઠાકર એને કચકડે મઢી રહ્યા હતા અને અમને સૌને ૫ X ૭ની સ્નેહની ફ્રેમમાં વીથ કલર સજાવી રહ્યા હતા.

મને ખબર છે આ બે દિવસ મારા સહિત કોઈપણ સર્જક પોતાના જીવનમાંથી ઓછા કરી શકશે નહી. અને થોડા વર્ષો પછી આમાંથી એકાદ બે વાર્તાકારો આખાય યુગ ઉપર છવાઈ જશે ત્યારે ગુજરાત સાહિત્ય અકાદમીનું અને મધુ રાયનું ઋણ એ સર્જક અને ગુજરાતી ભાષા કેમ ભૂલી શકશે ?

- 9426060601.india@gmail.com

## આસામ હુમલા બાદ વ્યાપક દરોડાનો દોર

### મુખ્યમંત્રી હોસ્પિટલમાં ઈજાગ્રસ્તોને મળ્યા : આ હુમલો નેશનલ ડેમોક્રેટીક ફ્રન્ટ ઓફ બોરોલેન્ડ દ્વારા કરાયો છે - ડીજીપી

ગુવાહાટી, તા.૬

આસામમાં ત્રાસવાદી હુમલાના એક દિવસ બાદ રાજ્યભરમાં વ્યાપક શોધખોળ કામગીરી જારી રહી હતી. અનેક જગ્યાઓ ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. આ હુમલામાં બોરો અલગતાવાદી સંગઠન એનડીએફબી (એસ)નો હાથ હોવાનું જાણવા મળી રહ્યું છે. આ સંગઠનના બંડખોરોને પકડી પાડવા વ્યાપક શોધખોળ ચાલી રહી છે. આસામના નાણંત્રી હિમાંતાવિશ્વા શર્મા ઘટના સ્થળે પહોંચ્યા હતા અને કહ્યું હતું કે ગઈકાલે જે બંડખોરને ઠાર મારી દેવાયો હતો તેની ઓળખ મંજય ઈસલારી તરીકે થઈ છે. તે એનડીએફબી (એસ)નો જાતે બની બેઠેલો કમાન્ડર તરીકે હતો. બીજી બાજુ એનઆઈએની ટીમ આજે કોકરાઝાર હુમલા બાદ ઘટના સ્થળે પહોંચી હતી અને તપાસ કામગીરી હાથ ધરી હતી.

પરિસ્થિતિની સમીક્ષા કરાઈ હતી. મુખ્યમંત્રી હોસ્પિટલમાં ઈજાગ્રસ્તોને મળ્યા હતા. આસામના ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ મુકેશ સહાયનું કહેવું છે કે આ હુમલો નેશનલ ડેમોક્રેટીર ફ્રન્ટ ઓફ બોરોલેન્ડ દ્વારા કરાયો છે. અત્રે ઉલ્લેખનિય છે કે આસામના કોકરાઝારમાં માર્કેટ વિસ્તારમાં બ્લાસ્ટ અને અંધાધૂંધ ફાયરિંગમાં ગઈકાલે ૧૪ લોકોના મોત થઈ ગયા હતા. સૌથી પહેલા ત્રણ બંડખોરોએ બાલાજાન અને તેનાલી માર્કેટમાં અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ વિસ્તાર કોકરાઝારથી આઠ કિલોમીટરના અંતરે સ્થિત છે. કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી કિરણ રિજ્જુએ કહ્યું છે કે, કેન્દ્ર સરકાર આસામ સરકારના સંપર્કમાં છે. તેમણે કહ્યું હતું કે, કેન્દ્ર સરકારની સ્થિતિને લઈને ધ્યાન રાખી રહી છે. ત્રણ હુમલાખોરો સેનાના યુનિફોર્મમાં આવ્યા હતા. જવાબી કાર્યવાહીમાં બે હુમલાખોરોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. ઘટનાસ્થળથી એકે ૪૭ અને મોટી માત્રામાં વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. કોકરાઝારમાં જે જગ્યાએ હુમલો કરવામાં આવ્યો હતો તે વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત હતા ત્યારે આ હુમલો કરાયો હતો. હુમલો કરનાર શખ્સોએ સૌથી પહેલા હથિયારો અને ગ્રેનેડોથી હુમલો કર્યો હતો. બીજી બાજુ આસામના મુખ્યમંત્રી સોનોવાલે આ હુમલા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી હતી. બનાવ બાદ ભારે દહેશત ફેલાઈ ગઈ હતી.

### ભારે વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ ૫૨૦ મીમીથી પણ વધુ વરસાદ થયો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા અને જામનગરમાં લોકોમાં પણ ખુશી જોવા મળી રહી છે. જુલાઈ બાદથી ઓછા વરસાદનો અનુભવ કરનાર જામખંભાળીયામાં છેલ્લા ૩૬ કલાકમાં ૫૨૦ મીમીથી પણ વધુ વરસાદ નોંધાઈ ચુકયો છે. જામખંભાળીયા ઉપર જામનગર જિલ્લાના ધ્રોલમાં પણ ઉલ્લેખનિય વરસાદ થયો છે. ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટના કહેવા મુજબ સૌરાષ્ટ્રમાં હવે તેના સરેરાશ વાર્ષિક વરસાદ પૈકી ૪૩ ટકા વરસાદ થઈ ચુક્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના કુલ ૭૧થી વધુ તાલુકાઓમાં નોંધનીય એવો એકથી ૧૩ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે જેમાં સૌથી વધુ જામનગર જિલ્લાના ધ્રોલ ૧૩, કાલાવાડ ૧૦, ખંભાળિયા ૯, કપરાડા અને જામજોધપુર આઠ-આઠ ઈંચ તેમજ લાલપુર અને ઉમરગામ ખાતે સાત ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે ૬-૮-૨૦૧૬ને સવારે ૭.૦૦ સુધીમાં લોધિકા, ધરમપુર અને વઘઈમાં ૫ ઈંચ, રાણાવાવ, રાપર, તલાલા, રાજકોટ, ઉપલેટા અને સુબીરમાં ૪ ઈંચ, ધોરાજી, જામકંડોરણા, ખેરગામ, વાંસદા, માળિયા, પોરબંદર અને ડાંગ(આહવા) ખાતે ત્રણ ઈંચ વરસાદ થયો છે. તદ્‌પરાંત અંજાર, ભૂજ, લખપત, નખત્રાણા, સૂઈગામ, દહેગામ, કલોલ, દસક્રોઈ, વઢવાણા, જેતપુર, કોટડા-સાંગાણી, માળિયા-મિયાંણા, મોરબી, દ્વારકા, માણાવદર, માંગરોળ, મેંદરડા, વિસાવદર, કુંકરમુંડા, ચિખલી, પારડી અને વલસાડ ખાતે બે ઈંચથી વધુ તેમજ અન્ય ૨૬થી વધુ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.